બાપુને મેં ચમકાવ્યા !!

એક આધ્યાત્મિક જિજ્ઞાસુ ભાઈ મળવા આવ્યા. મહાત્માઓની વાત નીકળતાં તેઓ થોડી તીખી જબાનમાં કહેવા લાગ્યા કે :

"અત્યારે ચારે બાજુ નિજાનંદ બાપુની બોલબાલા છે પણ પહેલાં તેમને કોણ ઓળખતું હતું ? અમારા સામયિક દ્વારા સર્વ પ્રથમ અમે તેમને ચમકાવ્યા. જો કે આ વાત અત્યારે તેમને યાદ પણ નહીં હોય !" બીજા પણ કયા કયા બાપુઓ, મહાત્માઓ, યોગીઓ, ભક્તો વગેરેને તેમણે ક્યા ક્યા દૈનિક, માસિક, ત્રિમાસિક વગેરેમાં કેવી ચમક-દમકપૂર્વક ચમકાવ્યા તેની વાતો ખૂબ ઉત્સાહપૂર્વક કરી. બીજી પણ થોડી વાતો થઈ અને પછી તેઓ વિદાય થયા.

તેમની વાતો સાંભળીને અમને ખૂબ આનંદ સાથે આશ્ચર્ય થયું. ખાસ તેમનો કહેલો "ચમકાવ્યા" શબ્દ અમારી વિચારધારામાં ચમકવા લાગ્યો. ચમકાવ્યા શબ્દ અમારા ઉપર ચમત્કાર કરી ગયો. તેના ઉપર અમારી વિચાર-પરંપરા ચાલી:

આપણે સૌ એ જ યાદ રાખતા હોઈએ છીએ કે અમે અમુકને ચમકાવ્યા, પછી ભલે 'ચમકવું' અને 'ચમકાવવા'નો સાચો અર્થ પણ આપણે ન જાણતા હોઈએ. જન્મ્યા ત્યારથી અત્યાર સુધી કોઈ બીજું જ આપણને ચમકાવી રહ્યું છે તેની જ આપણને ખબરેય નથી તો તેની નોંધ તો આપણી પાસે હોય જ ક્યાંથી ?

સાચું મોતી સમુદ્ર તળિયે પડ્યું હતું ત્યારે શું એ સાચું મોતી નહોતું ? ત્યારે શું તેની કિંમત સવાલાખ નહોતી ? તેની કિંમત આંકનાર કોઈ હોય તો ય ભલે અને ન હોય તો ય ભલે, એ તો સાચું મોતી એટલે સાચું મોતી જ છે, તે સવાલાખનું જ છે. અને જો તે ખોટું મોતી છે તો હજાર ઝવેરીઓ ભલે એને સવાલાખના મૂલ્યવાળું ગણાવી દે એથી શું ? એ ખોટું જ રહેવાનું, એ ફટકિયું જ રહેવાનું, એ એરણમાં ન ઓરાઈ શકે.

'ખરાની ખરે ખબરું થાય,
ફટકિયાં ફટ-ફટ ફૂટી જાય,
સાચાં તો એરણમાં ઓરાય.'

સાચાં મોતી મૂલવવાના મોકા મળે ત્યારે જ તો ઝવેરીનું બિરુદ પ્રાપ્ત થાય છે ! સાચાં હીરા-મોતી વિના ઝવેરીની જરૂરત જ શું છે - કોને છે ? હીરાની હાજરી વિના 'પારખુ'ની કળાની કસોટી કેવી ? પરીક્ષામાં પાસ થઈએ ત્યારે પારખુની પદવી પમાય છે અને ત્યારે જ અન્યોને પારખુમાં વિશ્વાસ બેસે છે, અને તેઓ કાર્ય સોંપે છે એમ સમજીને કે ભરોસાની ભેંસ પાડો નહીં જણે.

સાચું મોતી તો સમુદ્રના તળિયે પડ્યું હોય, કે ઝવેરીના હાથમાં હોય, કે ભિખારીની ડોકમાં હોય તોય તે જે છે તે જ છે, વ્યક્તિના કે સ્થાનના બદલાવાથી તેનામાં કોઈ બદલો નથી આવતો. સાચા મોતીના મૂલ્યની વધઘટ એ તો મનુષ્યના આકર્ષણ ઉપર અવલંબે છે અને આકર્ષણ સદા એકસરખું નથી હોતું.

સાચું મોતી હાથમાં આવી જાય ત્યારે તેનો બિલકુલ લાભ ન લેવો, કે અર્ધલાભ લેવો, કે પૂરો લાભ લેવો, કે અધિકો લાભ લેવો એ તમારી ખુશીની વાત છે. તેની સાથે મોતીને કાંઈ નિસ્બત નથી, એ તો સદા નિર્વિકાર સ્થિતિમાં સ્થિત છે.

નિજાનંદ બાપુ પણ સદા નિજાનંદમાં મસ્ત હોય છે. તેમને કોઈ ચમકાવે, ધમકાવે, ઓછા ચમકાવે, ખોટા ચમકાવે કે બાપુના નિમિત્તે પોતે ચમકે, કે પોતાનાઓને ચમકાવવાની ભૂમિકા બાંધે તોય બાપુને તેથી હર્ષ કે શોક કાંઈ નથી. ''મારો સ્પર્શ થવા છતાંય લોઢું કેમ કંચન ન થયું ? શું તે પથ્થર હશે ?''એવો પ્રશ્ન પણ કદી પારસમણીને થતો નથી. પારસનો સ્પર્શ કરનારે કે સ્પર્શ કરાવનારે કંચન થવું કે નહીં તે તેની યોગ્યતા ઉપર અવલંબે છે. પથ્થર એમ કહે કે, ''હું લોઢું હતો તો ય પારસના સ્પર્શથી હું કંચન ન થયો, તો પારસ, પારસ નહીં પણ કાચનો ટુકડો માત્ર છે.'' તોય કશો જ વાંધો નથી.

કોણ કોને ચમકાવે છે તે બાબત પડતી મૂકીને, તેવી અનાવશ્યક ભાવનાઓમાંથી મુક્ત થઈને આમ વિચારીએ તો સૌનું ભલું થાય :

સમુદ્રના તળિયે પડેલાં સાચાં હીરા-મોતીને પરિશ્રમપૂર્વક ગોતી કાઢવાં અને તેનું મૂલ્ય આંકવું તથા તેને તેના પ્રેમી સુધી પહોંચાડવાં તે બધું ઝવેરીને આભારી છે, તે જ તેનો આંનદ અને પ્રાપ્તિ છે.

નિજાનંદોને તેમના ગુપ્ત સ્થાનોમાંથી ગોતીગોતીને, સમાજ તેમનો લાભ લઈ શકે તે માટે તેમને સમાજ સમક્ષ ઉપસ્થિત કરવા તે બહુજનહિતાય-બહુજનસુખાયના વ્રતને વરેલા સજ્જનોની ફરજ છે, તેથી સૌનું કલ્યાણ જ થવાનું.

તંત્રીઓ, મંત્રીઓ, સંચાલકો, સંપાદકો, લેખકો, પ્રકાશકો વગેરે સૌ ''બહુજનહિતાય-બહુજનસુખાયવ્રતી સંઘ''ના મર્માંગ રૂપ છે. તેઓ સૌ, સંતો અને સમાજને દઢપણે જોડી રાખનારી અતૂટ કડીરૂપ છે, તેઓ સૌ ભૂખ્યાઓને ભોજનનું સ્થાન બતાવનાર આંગળી ચીંધનારાઓ સમાન છે, તેઓ ગુપ્ત અને અલૌકિક વિભૂતિઓને સમાજ માટે સહજપણે ગોતી આપનાર અને જાહેરમાં મૂકનાર પ્રભુના પાર્ષદો જેવા છે. જેઓ પોતાની જેટલી જવાબદારી અને ફરજની ગંભીરતા સમજે તેટલું તેઓનું પદ ઊંચું.

કોણ કોને ચમકાવે ? જે પોતાની ફરજ સમજે છે તે સૌ 'ચમકેલા'જ છે. કોઈ એવા છે જે ચમકીને 'ચમકે' (ભડકે) છે! તો કોઈ એવા છે જેઓ ચમકવાની ઇચ્છા ન રાખનારને પણ ચમકાવીને પોતે 'ચમકે' છે !

લેખકોની જવાબદારી કાંઈ કમ નથી. જે રાષ્ટ્રનો જેવો લેખક-સમુદાય હોય તેવા તેના નાગરિકો થાય. એક રીતે કહીએ તો રાષ્ટ્રના નાગરિકો રાષ્ટ્રના લેખક-સમુદાયનાં પ્રતિબિંબો જ છે. સાચો લેખક તેને કહી શકાય કે જે સમાજનો સ્તર ઉચ્ચ કક્ષાએ પહોંચે તેવી પોતાની અંતઃસ્ફુરણાઓ અને પ્રેરણાઓને સરલતમ ભાષામાં રજૂ કરે. જેમ પાણી ઢાળ તરફ ગતિ તો વગર પ્રયત્ને પણ કરી રહ્યું છે, તેને ઉપર ચઢાવવામાં જ પ્રયત્નની જરૂરત છે, તેમ વૃત્તિઓ અધોગતિ તરફ તો આપમેળે જ જઈ રહી છે, તેને નીચે ગતિ કરાવવા માટે કોઈની સહાયની જરૂરત નથી. સહાયની જરૂરત છે ઊર્ધ્વગતિ કરાવવા માટે. જે લેખ કે સાહિત્યસામગ્રી ઉચ્ચ આદર્શની રજૂઆત ન કરે તેની સાર્થકતા શું ? મનનો કચરો અને ઊભરો કાઢવાનાં તો ઘણાં સ્થાનો છે. બહેકી કે ગહેકી જઈને શા માટે આદર્શ પ્રથાને અભડાવવી જોઈએ ? આ બધી વાતો તો શાણા, સમજદાર અને સજ્જનો માટે છે, ''તાણ-પકડ મુજે જોર આતા હે'' કરનારાઓ માટે નહીં.

એક પ્રેમી કહે : યોગભિક્ષુજી ! આપ લેખો લખો છો પણ આ જમાનામાં લેખકોનો ક્યાં તૂટો છે, અંધારે હાથ નાખતાંય લેખક હાથમાં આવે છે !

અમે કહ્યું : તો તમારા મતે અમારે શું કરવું જોઈએ ?

તેઓ કહે : પ્રસંગોપાત્ત આપના મુખેથી બે વાત સાંભળવા મળે છે એટલે તૃપ્ત થઈ જવાય છે. આપના માટે આટલું પરિપૂર્ણ છે.

અમે કહ્યું : અમારી વાત સાંભળવાની તો તમોને ગમે છે ને ? તેનાથી તમે તૃપ્ત પણ થાઓ છો ને ? પરંતુ તમારી જેમ અમારી પાસે આવીને બેસી શકે એવા કેટલા હોય ? અમારા પ્રેમીઓ તો પુષ્કળ છે કે જેઓ સૌ અમારો સત્સંગ સાંભળવા ઈચ્છા ધરાવે છે. તેમના સૌ માટે આ જ એક ઉપાય છે. અમારા લેખને આપ લેખ શા માટે સમજો છો ? તેને શબ્દબદ્ધ થયેલો સત્સંગ જ સમજો તો ? સત્સંગને અનેકો સુધી પહોંચાડવામાં અનેક પ્રકારે સહાય કરનારાઓ સૌ એક જબરજસ્ત લોકકલ્યાણનું કામ કરી રહ્યા છે. અસ્તુ.

ઈશ્વર-અલ્લાહ તેરે નામ,
મુઝકો સન્મતિ દે ભગવાન.